સેકટર-૮ના બગીચાની કાયાપલટ નમુનારૂપ ઉદ્યાન

નગરજનો માટે આકર્ષણનુ કેન્દ્ર : બગીચાનુ કામ પુર્ણતાના આરે : રીસોર્ટ પેટર્ન પર વિકસાવામાં આવી રહ્યો છે : ડેપ્યુટી મેયર નાજાભાઇ ઘાંઘર સહીત અધિકારીઓએ રાઉન્ડ લઇ કામગીરીની સમીક્ષા કરી જરૂરી સુચનાો પણ કર્યા

ગાંધીનગર તા ૪

શહેરના સેકટરોમાં તબક્કાવાર ઉદ્યાનોનુ નવિનીકરણ કરવામાં આવી રહ્યુ છે. હાલ સે- ૮ માં પણ બગીચાને વિકસાવાનુ કામ ચાલી રહ્યુ છે. સે- ૮ ના બગીચાના નિર્માણ પાછળ રૂ ૨.૧૫ કરોડનો ખર્ચ કરાશે. રીસોર્ટ પેટર્ન પર વિકસાવામાં આવી રહેલો આ ઉદ્યાન નગરજનો માટે નમુનારૂપ બની રહેશે ઉદ્યાનમાં અનેક આકર્ષણોનો સમાવેશ થાય છે. બગીચામાં જોગીંગ ટ્રેક, કિડસ પ્લે એરિયામાં રબર ફલોરિંગ, વુડન ચબુતરો તેમજ જીમના સાધનો પણ સહેલાણીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બનશે.

શહેરના સેકટરોમાં કોર્પોરેશન દ્વારા બગીચાઓનુ નવિનીકરણ કરવામાં આવી રહ્યુ છે. તબક્કાવાર બગીચાઓની કાયાપલટ કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. સે- ૮ માં પણ હાલ બગીચાનુ કામ ચાલી રહ્યુ છે. સે-૮ માં ૧૦,૯૩૨ સ્કેવર મીટર વિસ્તારમાં બગીચાનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. આ બગીચાનુ મોટાભાગનુ કામ પુર્ણતાના આરે છે. બગીચાના નિર્માણ પાછળ રૂ ૨.૧૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ બગીચામાં વોકીંગ માટે સિન્થેટીક જોગીંગ ટ્રેક, બાળકોને રમતગમત માટે કીડસ પ્લે એરિયામાં મલ્ટીપલ પ્લે સિસ્ટમ અંતર્ગત હીંચકા, લપસણી ઉંચક નીચક, ઓટોમેટીક ,ફલોર ફાઉન્ટેન , કીડસ પ્લે અરિયાની જગ્યાએ ઇ પી ડી એમ રબર ફલોરીંગ બેસવા માટે બાંકડા તેમજ ગઝીબો, સુરક્ષા માટે સિકયોરીટી કેબીન પણ તૈયાર કરવામાં આવી છે. જયારે બગીચામાં હરિયાળી બરકરાક રાખવા માટે અલગ અલગ પ્રકારના વૃક્ષો તેમજ છોડવાને પાણી મળી રહે તે માટે ઇરીગેશન સિસ્ટમ પણ કાર્યરત કરવામાં આવી છે. હરિયાળા અને નયનરમ્ય ઉદ્યાનમાં બાળકોની સુવિધાની સાથે કસરત માટે જીમના સાધનો પણ મુકવાનુ આયોજન કરાયુ છે. આ ઉપરાંત બગીચાના એસ્થેટીક વ્યુ માટે વુડન ઓર્નામેન્ટલ ચબુતરો, બગીચાની સ્વચ્છતા જળવાઇ રહે તે માટે કચરા પેટીની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. સે-૮ નો બગીચો નમુનારૂપ બનાવવા માટે ડેપ્યુટી મેયર નાંજાભાઇ ઘાંઘર, સિટી ઇજનેર ભરત પંડયા અને આસિષ્ટન્ટ ઇજનેર રતાણી પણ સતત રાઉન્ડ લઇને કામગીરી પર દેખરેખ રાખી રહ્યા છે. આ દરમિયાન શો પીસ ટાઇપના રોપાઓ દુર કરી સહેલાણીઓને ઠંડક આપે તેવા રોપાઓની વાવણી કરવા માટે પણ ડેપ્યુટી મેયરે સુચના આપી હતી. રીસોર્ટ પેટર્ન પર બગીચાને વિકસાવામાં આવી રહ્યો છે. ઉદ્યાનને નવા રૂપરંગ આપવાની મોટાભાગની કામગીરી પુર્ણ થઇ ગઇ છે.

દબાણો દુર કરાયા બાદ બેઘર બનેલા ૭૦ ઝુંપડાવાસીઓની પ્રધાનમંત્રીને રજુઆત

ગાંધીનગર તા ૪

ગાંધીનગરના રેલવે સ્ટેશન પાછળના વિસ્તારમાંથી તંત્ર દ્વારા થોડા સમય અગાઉ જ દબાણો દુર કરાયા છે. અન્ડર પાસને અનુલક્ષી તંત્ર દ્વારા ઝુંપડાના દબાણો પર બુલડોઝર ફેરવી દેવાયુ છે. જેના લીધે આ વિસ્તારમાં વર્ષોથી રહેતા શ્રમિકો બેઘર બન્યા છે. દબાણકર્તાઓ પૈકી ૧૨૮ જેટલા લાભાર્થીઓને કોલવડા સ્થિત આવાસ યોજનામાં મકાનો ફાળવી દેવાયા છે. જયારે અન્ય ઝુંપડાવાસીઓ બેઘર બન્યા છે. જયારે આ ઝુંપડાવાસીઓને માથે છત મળે તે માટે બેઘર બનેલા શ્રમિકોએ પ્રધાનમંત્રી થી માંડીને માર્ગ મકાન વિભાગના ઉપસચિવને રજુઆત કરવામાં આવી છે.

શહેરમાં અન્ડરપાસની કામગીરી છેલ્લા ઘણાં સમયથી અટકી ગઇ હતી. અન્ડર પાસના નાંકે દબાણોની ભરમાર જોવા મળતી હતી. જયારે ગોકુલપુરા વિસ્તારના આ દબાણો દુર કરવા માટે તંત્રએ અગાઉ ઝુંબેશ હાથ ધરી હતી જેના અંતે આ વિસ્તારમાંથી અંદાજિત ૫૦૦ જેટલા ઝુંપડાઓ દુર કરાયા હતા જેથી આ દબાણકર્તાઓ બેઘર બન્યા હતા જો કે આ પૈકી ૧૨૮ ઝુંપડાવાસીઓને કોલવડા સ્થિતિ આવાસ યોજનામાં સ્થાન આપવામાં આવતા તેમનો પ્રશ્ન હલ થયો હતો જયારે અન્ય ઝુંપડાવાસીઓએ પણ અન્ય જગ્યાએ પોતાનુ ઠેકાણુ બનાવી લીધુ છે. પરંતુ ૭૦ જેટલા ઝુંપડાવાસીઓ બેઘર હાલતમાં છે. જેના અંતે આ ઝુંપડાવાસીઓએ પ્રધાનમંત્રી અને માર્ગ મકાન વિભાગના સચિવને માથે છત આપવા માટે રજુઆત કરી છે. કોરોના કપરા કાળમાં ઝુંપડાવાસીઓનુ રહેણાંક છીનવાતા તેમની હાલત વધુ દયાજનક બની છે. જેથી આ ઝુંપડાવાસીઓને આકરી ઠંડીના દિવસોમાં રહેણાંક મળે તેવા આશયથી પ્રધાનમંત્રી સુધી રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર તાલુકા પંચાયતની શુક્રવારે ખાસ સામાન્ય સભા મળશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર તાલુકા પંચાયતની ખાસ સામાન્ય સભા આગામી ૬ નવેમ્બરના રોજ તાલુકાના સભાખંડમાં સવારે ૧૧ વાગે મળશે.

ગોપાલજી ઠાકોરના અધ્યક્ષપદે આ ખાસ સામાન્ય સભા મળી રહી છે. આ બેઠકમાં ગત બેઠકની કાર્યવાહી નોંધને બહાલી રાખવા સહિત ૩ જેટલા મુદ્દાઓ સમાવવામાં આવ્યા છે.

૨૦૨૦-૨૧ના સુધારેલા પૂરક અંદાજપત્રને પણ આ બેઠકમાં રજુ કરવામાં આવનાર છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારને શહેરમાં ભેળવવાથી તાલુકા પંચાયતની આવક પર થનારી અસરો અંગે પણ આ બેઠકમાં ચર્ચાઓ કરી અને કેટલાક કરકસરના મહત્વના નિર્ણયો લેવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

તાલુકા પંચાયતની આવકના સ્ત્રોતો સીમીત છે. નાણાંકીય વર્ષ પૂર્ણ થવામાં ૪ મહિના જેટલો સમય બાકી છે પરંતુ ફેરફાર સાથે સુધારેલુ અંદાજપત્ર આ બેઠકમાં રજુ કરવામાં આવી રહ્યુ હોવાથી તાલુકાના રાજકારણમાં થોડોક ગરમાવો જોવા મળી રહ્યો છે. ભાજપ જે હવે વિપક્ષમાં છે તે આ બેઠકમાં સત્તાધારી કોંગ્રેસને બરાબર ભીંસમાં લેવાના મૂડમાં પોતાની આગવી રણનીતિ તૈયાર કરી રહેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લા પંચાયત પ્રમુખે કલેક્ટરને પત્ર લખ્યો

ગ્રામીણ વિસ્તારમાં ટેસ્ટીંગ વધારવા મંગુબેનની માંગણી

ચારેય તાલુકામાં ૩૦ જેટલા સ્થાનો પર ખાસ કેમ્પ સાઈટ ઉભી કરવા પણ રજુઆત કરી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલ (ચૌધરી)એ જિલ્લા કલેક્ટરને એક પત્ર લખી ગ્રામીણ વિસ્તારના મુખ્ય ૩૦ જેટલા સ્થાનો પર કેમ્પ સાઈટ ઉભી કરી ગ્રામીણ વિસ્તારમાં ટેસ્ટીંગ વધારવામાં આવે તેવી રજુઆત કરી છે.

પ્રમુખશ્રીએ લખેલા આ પત્રમાં જિલ્લાના ચારેય તાલુકાના ૩૦ જેટલા સ્થળો પણ દર્શાવ્યા છે. જેમાં મહત્વના માર્ગો તેમજ પ્રસિદ્ધ યાત્રાધામ સ્થળોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં સતત કોરોનાના કેસોમાં ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે અને શિયાળામાં આ રોગનું સંક્રમણ વધી શકે છે તેવી સંભાવનાઓના અહેવાલો ધ્યાને રાખી તેમણે આ પત્ર લખ્યો છે અને પત્રમાં પણ આ મુદ્દે સ્પષ્ટ રજુઆત કરી છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં ૩ હજારથી વધુ કેસો નોંધાયા છે. જો કે જિલ્લા આરોગ્ય તંત્ર સેમી અર્બન વિલેજીસમાં કેસો વધુ નોંધાયા હોવાની વાતો કરી રહેલ છે. છેલ્લા કેટલાક દિવસોથી અંતરિયાળ ગામોમાંથી પણ કેસો મળતાં ચોંકી ઉઠેલા પ્રમુખે કલેક્ટરને પત્ર લખી ટેસ્ટીંગ વધારવાની માંગ કરી છે.

આ અગાઉ જિલ્લા પંચાયત વિપક્ષના સભ્ય જયેશભાઈ ચૌધરીએ પણ ગ્રામીણ વિસ્તારને જોડતા મુખ્ય માર્ગો પર ખાસ કેમ્પ સાઈટ ખોલી ટેસ્ટીંગ વધારવા માટે જિલ્લા વિકાસ અધિકારીને રજુઆત કરી હતી જે ઉલ્લેખનીય છે.

● અનુસંધાન પાન-૭ પર

વાહ..રે .. ગાંધીનગર..

કુતરાના ત્રાસમાંથી મુક્ત થવા માટે પણ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરાશે

સે-૩ ન્યુમાં શેરીમાં રખડતા કુતરાથી રહીશો તોબા : રખડતા કુતરા ઘરમાંથી વસ્તુઓ ઉઠાવી જાય છે : વાહનોની સીટ ફાટી નાંખે છે : ગંદકી પણ હઠીલી બની

ગાંધીનગર તા ૪

શહેરના સેકટરોમાં રખડતા ઢોરનો ત્રાસ વધી ગયો છે. સેકટરમાં રખડતા ઢોરના લીધે માર્ગ સલામતી જોખમાઇ છે. વાહનોને પણ નુકશાન થાય છે. જયારે ગંદકી ની સમસ્યા પણ હઠીલી બની છે. સેકટરોની શેરીઓમાં રખડતા કુતરા રહીશોના ઘરમાં ઘુસીને કામની વસ્તુઓ પણ ઉઠાવી જાય છે. સે-૩ ન્યુમાં હાલ રહીશો રખડતા કુતરાઓની આ હરકતથી તોબા પોકારી ગયા છે. સ્થાનિકોએ કુતરાના ત્રાસમાંથી મુકત થવા માટે ઉચ્ચ કક્ષાએ આવેદન પત્ર આપવાનુ પણ નક્કી કર્યુ છે...!!

શહેરના સેકટરોમાં રખડતા ઢોરનો ત્રાસ આમ પણ વધી ગયો છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ પણ સેકટરવાસીઓને દાયકાઓ જુની સમસ્યામાંથી મુકિત મળી નથી. બીજીતરફ સેકટરોની શેરીઓમાં રખડતા કુતરાઓ પણ સ્થાનિકો મોટ ત્રાસરૂપ બન્યા છે. રખડતા કુતરાઓના લીધે અનેકવાર રહીશો ઘાયલ થયા હોવાના પણ દાખલા છે. જયારે કુતરાઓ પણ ગમે ત્યારે બાઇટ કરી લેતા સ્થાનિકોને હોસ્પિટલમાં સારવાર લેવાની ફરજ પડે છે.

શહેરમાં રખડતા ઢોરની સમસ્યાના લીધે અનેકવાર જાનલેવા અકસ્માત સર્જાય છે. અનેક રજુઆતોના અંતે પણ આ સમસ્યાનો અંત આવતો નથી. એકબાજુ શહેરને સ્માર્ટ બનાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. અકસ્માતોથી બચવા માટે રોડ નેટવર્ક પણ અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે. જયારે રહીશોની સલામતી માટે કમ્પાઉન્ડ વોલ પણ બનાવવામાં આવી રહી છે. ત્યારે આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં રખડતા ઢોરના લીધે સલામતીના નામે મીંડુ ચિતરાયેલુ છે. બીજીતરફ ગંદકીની સમસ્યા પણ હઠીલી બનતી જાય છે. આવા સંજોગોમાં નાગરિકો અસલામતી અનુભવી રહ્યા છે. સે- ૩ ન્યુમાં પણ કુતરાના ત્રાસથી સ્થાનિકો પરેશાન છે. સેકટરમાં રખડતા કુતરાના લીધે ગંદકી થઇ રહી છે. જયારે સ્થાનિકોની ચીજવસ્તુઓ પણ કુતરા ઉઠાવી જતા હોવાની ફરિયાદો વધી છે. રખડતા કુતરા વાહનોની સીટ પણ ફાડી નાંખે છે. સેકટરોના આંતરિક માર્ગ પર રખડતા આ કુતરાના લીધે અનેક વાર અકસ્માત થતા હોવાની ફરિયાદો

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં ૧૯ નવા કેસ : ૧૭ ને ડિસ્ચાર્જ

આજે સે. ૨૩ માંથી, ૧૩ માંથી, ૨૫ માંથી, ૩ માંથી અને સે. ૨૭ માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૮, ૨૪, ૧૭, ૨, ૨૧, ૧૨, ૫, ૨૮ અને સે. ૧ માંથી પણ કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ ૧૯ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં કોરોનાથી સંક્રમિત થનાર દર્દીઓની સંખ્યા વધીને ૧૯૪૦ થઈ છે.

શહેરમાં જે ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. આજે યુવાનો સંક્રમિતોની યાદીમાં વધુ જોવા મળી રહ્યા છે. તંત્રએ આજે ફરજીયાત માસ્ક પહેરવાની સૂચનાનો કડક રીતે અમલ થાય તે જોવા પણ જણાવ્યુ છે.

શહેરમાં લગભગ તમામ સેક્ટરોમાંથી કેસો મળી રહ્યા છે. શહેરમાં આથી કોમ્યુનીટી ટ્રાન્સમિશન થયાની શંકા વધુ ને વધુ પ્રબળ બની રહી છે. આજે નોંધાયેલા કેસોમાં ૮ મહિલા દર્દીઓ છે. મહિલા દર્દીઓની સંખ્યા વધતાં પણ તંત્ર ચિંતીત બન્યુ છે. આજે પણ મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો જ વિકલ્પ પસંદ કર્યો છે.

આજે સે. ૨૩ માંથી, ૧૩ માંથી, ૨૫ માંથી, ૩ માંથી અને સે. ૨૭ માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૮, ૨૪, ૧૭, ૨, ૨૧, ૧૨, ૫, ૨૮ અને સે. ૧ માંથી પણ કેસો મળી આવ્યા છે.

તંત્રએ આજે માસ્ક પહેરવા અને સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવા તેમજ મોટી વયના લોકોને અનિવાર્ય ના હોય તો ઘરની બહાર ન નીકળવા અપીલ કરી છે.

સે. ૨૩ માંથી આજે વધુ ૨ કેસ મળી આવ્યા છે. પિતા-પુત્ર કોરોનાની ઝપટમાં આવી ગયા છે. ૨૩ વર્ષીય પુત્ર જે અભ્યાસ કરે છે અને ૫૦ વર્ષીય પિતા જે વાણિજ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલ છે બન્નેનો રિપોર્ટ પોઝીટીવ આવતાં બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૮ માંથી ૬૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૩ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. ૨૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૫૦ વર્ષીય ટેલરીંગનું કામ કરતા પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને પણ સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સે. ૨૪ માંથી ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. હોલસેલ ફુટનો અમદાવાદ ખાતે ધંધો કરતા આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૭ માં ૫૮ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૫ માંથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. એલઆઈસીમાં ફરજો બજાવતા ૫૭ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૧૮ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૩ માં રહેતા અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં ફરજો બજાવતા ૫૯ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત આરોગ્ય વિભાગમાં પ્રોગ્રામ આસિટન્ટ તરીકે ફરજો બજાવતા ૩૭ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨ માંથી આજે એક કેસ મળી આવેલ છે. સે. ૧૧ માં સ્ટેશનરીની દુકાન ધરાવતા અને સે. ૨ માં રહેતા ૨૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૧ માંથી ૩૧ વર્ષીય કર્મયોગીની જે સચિવાલયમાં ક્લાર્ક તરીકે સેવાઓ બજાવે છે તેણીનીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

એચડીએફસી બેંકમાં ફરજો બજાવતા અને સે. ૧૨ માં રહેતા ૪૪ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૫ માં રહેતા અને ખાનગી સંસ્થામાં નોકરી કરતા ૨૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સે. ૨૮ માંથી ૩૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ

● અનુસંધાન પાન-૭ પર

ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૩ કેસ

ગાંધીનગરમાં ૬, દહેગામમાં ૪, માણસામાં ૧ તો કલોલમાં ૨ કેસ નોંધાયા : ૧૪ દર્દીઓને ડિસ્ચાર્જ અપાયુ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૧૩ કેસ નોંધાયા છે. જો કે રાજ્ય સરકારની સત્તાવાર યાદીમાં ૧૮ કેસ નોંધાયાનું જણાવવામાં આવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના કેસોમાં સતત ચડાવ-ઉતારની સ્થિતિને લઈ તંત્ર પણ હવે ચિંતીત બન્યુ છે. જિલ્લાના અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાં સંક્રમણના કેસો સામે આવતાં પંચાયતના પ્રમુખે પણ ગ્રામીણ વિસ્તારમાં ટેસ્ટીંગમાં વધારો કરવાની માંગ સાથે ૩૦ જેટલા જાહેર સ્થાનો પર કેમ્પ સાઈટ કરવા જણાવ્યુ છે.

ગ્રામીણ વિસ્તારમાં જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા પણ વધી છે. ખાસ કરીને મહિલાઓ અને મોટી વયના લોકો જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેથી તંત્રની ચિંતામાં ભારે વધારો થવા પામ્યો છે. જો કે એન્ટીજન ટેસ્ટમાં આવેલા પોઝીટીવ કેસોની સંખ્યાને લઈ તંત્ર દ્વારા મૌન સેવવામાં આવી રહ્યુ છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં જે કેસો નોંધાયા છે તેમાં ગાંધીનગરમાં ૬, દહેગામમાં ૪, માણસામાં ૧ તેમજ કલોલમાં ૨ કેસ મળી આવ્યા છે. જિલ્લામાં આજે પણ ૭ જેટલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરવામાં આવતાં તંત્રની કામગીરીમાં વધારો થયો છે.

ગાંધીનગર શહેરને અડીને આવેલ વાવોલ ગામેથી આજે ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે.

ધણપ ગામેથી ૪૫ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કોટેશ્વરમાંથી ૩૬ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પેથાપુરમાંથી ૧૬ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સરગાસણ ગામે આજે એક દંપત્તિ કોરોનાની ઝપટે ચડી ગયુ છે. ૫૬ વર્ષીય કર્મયોગી અને ૪૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

દહેગામ તાલુકામાંથી આજે ૪ કેસ મળી આવ્યા છે. એક કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને ૩ કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે.

દહેગામના નાંદોલ ગામેથી ૫૦ વર્ષીય ખાનગી નોકરીયાતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

અમદાવાદ વિપક્ષના નેતા તરીકે શર્માના સ્થાને કમલા ચાવડાની વરણી

અમદાવાદ, તા. ૪

અમદાવાદમાં વિપક્ષી નેતા દિનેશ શર્માનો વિવાદ દિવસે ને દિવસે વધી રહ્યો છે. તેવામાં બે અઠવાડિયા પહેલાં રાજીનામું આપનાર દિનેશ શર્માના સ્થાને ગુજરાત કોંગ્રેસે બહેરામપુરાના કોર્પોરેટર કમલાબેન ચાવડાની નિમણૂક વિપક્ષ નેતા તરીકે કરી છે. ઉલ્લેખનીય છે કે, દિનેશ શર્માએ ટર્મ પુરી થવાના ગણતરીનાં દિવસો પહેલાં જ ૧૯ ઓક્ટોબરે રાજીનામું આપ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, રાજ્યસભાની ચૂંટણી બાદ અમદાવાદ કોંગ્રેસનો કકળાટ બહાર આવ્યો હતો. અને અમદાવાદના બે ધારાસભ્યોએ જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં વિપક્ષ નેતા દિનેશ શર્માને હટાવવાની માગ કરી હતી. વિવાદ વધતાં સામે ચાલીને દિનેશ શર્માએ ગુજરાત કોંગ્રેસને રાજીનામું આપી દીધું હતું. જે બાદ ગણતરીના દિવસો માટે ગુજરાત કોંગ્રેસ દ્વારા બહેરામપુરાના કોર્પોરેટર કમલાબેન ચાવડાની વિપક્ષ નેતા તરીકે પસંદગી કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, દિનેશ શર્માના રાજીનામા બાદ નવા વિપક્ષી નેતા કોણ તેની ચર્ચા શરૂ થઈ છે, મોટે ભાગે દલિત અથવા તો લઘુમતી કોર્પોરેટર પર પસંદગીનો કળશ ઢોળાય તેવી શક્યતા છે. અને આ સમયે પણ કમલાબેન ચાવડાનું નામ મોખરે હતું.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
SURMOUNT HOSPITAL — EMERGENCY 24 HOURS SERVICE
સુવિધાઓ
• આઈ.સી.યુ.ની સુવિધા • 2D Echo
• અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨
• હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
• સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
• એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
• મેડીકલેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) — ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
• ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર • આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
• દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
• હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
• હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
• ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
• હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ • અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
• કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
• મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com